## ટીબી વિશે મને વધુ માહિતી કેવી રીતે મળી શકે?

જો તમને વધુ માહિતી જોઈતી હોય, તો તમે નીચેનાનો સંપર્ક કરી શકો છોઃ

**તમારા ડોક્ટર અથવા નર્સ**
(અનુવાદ કરાયેલી માહિતી અને દુભાષિયાની મફત સેવાઓ મળી શકે છે)

**પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ-છૂપા ટીબીની તપાસ અને સારવાર (Latent TB Testing and Treatment)**
https://www.gov.uk/tuberculosis-screening#latent-tb-infection-ltbi

**ટીબી વિશેની સચ્ચાઈ (The Truth About TB) વેબસાઈટ**
http://www.thetruthabouttb.org/what-is-tb/latent-tb/

**એન.એચ.એસ. ચોઈસીસ (NHS Choices)**
http://www.nhs.uk/conditions/tuberculosis/pages/introduction.aspx

Public Health England
133-155 Waterloo Road
Wellington House
London SE1 8UG
ફોનઃ 020 7654 8000
www.gov.uk/phe
ટ્વીટરઃ @PHE_uk
ફેસબુકઃ www.facebook.com/PublicHealthEngland

© Crown copyright 2015
તમે Open Government Licence v3.0ની શરતો હેઠળ આ માહિતીનો કોઈ પણ સ્વરૂપ અથવા માધ્યમમાં ફરીથી મફત ઉપયોગ કરી શકો છો (કોઈ પણ ચિહ્નો સિવાય). આ લાઈસન્સ જોવા માટે, OGL પર જાવ અથવા psi@nationalarchives.gsi.gov.uk પર ઈમેઈલ કરો જ્યાં અમને કોઈ ત્રાહિત પક્ષના કોપીરાઈટ અંગેની માહિતી ઓળખાશે ત્યાં તમારે તે લાગતાવળગતા કોપીરાઈટ ધારકો પાસેથી પરવાનગી મેળવવાની જરૂર પડશે.

Published October 2015
PHE publications gateway number: 2015175

images © Shutterstock

Corporate member of Plain English Campaign
Committed to clearer communication
339

Public Health England

NHS England

# છૂપા ટીબીની તપાસ અને સારવારઃ દર્દીઓ માટે માહિતી



Gujarati - ગુજરાતી

## મને છૂપા ટ્યુબરક્યુલોસિસ (ટીબી)ની તપાસ કરાવવાનું શા માટે કહેવામાં આવ્યું છે?

છૂપા ટીબીની મફત તપાસ કરાવવાની તમને ભલામણ એટલા માટે કરવામાં આવી છે કે તમે એવા દેશમાંથી યુકે આવ્યાં છો જ્યાં ટીબી એક સાધારણ બીમારી છે. તેમાં માત્ર એક ઝડપી બ્લડ ટેસ્ટ (લોહીની તપાસ) કરવામાં આવે છે અને કેટલાક સરળ સવાલો પૂછવામાં આવે છે.

## ટ્યુબરક્યુલોસિસ શું છે?

ટીબી હવામાંથી ફેલાતા બેક્ટીરીયા (જીવાણુઓ)ને કારણે થતી એક બીમારી છે. ટીબીના બેક્ટીરીયા, તમને બીમાર કર્યા વગર, ઘણીવાર તમારા શરીરમાં ઘણાં વર્ષો સુધી સૂતેલાં રહી શકે છે. આને છૂપો ટીબી કહેવાય છે.

કેટલીકવાર છૂપા ટીબીના બેક્ટીરીયા 'જાગી જાય' અને તમને બીમાર કરે એવું બની શકે છે. આને સક્રિય ટીબી કહેવાય છે, અને તમે જ્યારે લોકોને ટીબી વિશે વાતો કરતાં સાંભળો ત્યારે સામાન્ય રીતે તેઓ આની વાત કરતાં હોય છે. સક્રિય ટીબીનાં ચિહ્નો જાણવાનું અગત્યનું છે – ઉધરસ, તાવ, ભૂખ મરી જવી, રાત્રે પરસેવો વળવો, વજન ઘટવું અને થાક લાગવો – અને જો તમને આમાંથી કોઈ પણ ચિહ્નો જણાય તો ડોક્ટર પાસે જવાનું અગત્યનું છે કારણ કે તમને સક્રિય ટીબી હોઈ શકે છે.

## મારે છૂપા ટીબીની તપાસ શા માટે કરાવવી જોઈએ?

જો તમારા શરીરમાં છૂપા ટીબીના બેક્ટીરીયા હોય, તો દસમાંથી એક સંભાવના છે કે ભવિષ્યમાં તે બેક્ટીરીયા જાગશે અને તમને બીમાર કરશે. સક્રિય ટીબી આમ તો સામાન્ય રીતે મટાડી શકાય છે, પરંતુ સાવ જ બીમાર નહિ પડવાનું ઘણું વધારે સારું છે.

સદ્દનસીબે, છૂપા ટીબીનો પણ ઈલાજ થઈ શકે છે. આનાથી તમને બીમાર થતાં અટકાવીને તમારી પોતાની તબિયતનું રક્ષણ થશે અને તમારા મિત્રો અને કુટુંબીજનોને ટીબીના બેક્ટીરીયા પસાર કરવાનું જોખમ અટકશે.

## મને શા માટે ટીબીનું જોખમ છે?

જે દેશમાં ટીબી ઘણો સામાન્ય હોય તે દેશમાં જો તમે રહેલાં હો તો તમારા પર જોખમ વધારે છે. તમે યુકેમાં આવ્યાં હો તે પહેલાંથી જ તમને કદાચ છૂપો ટીબી લાગી ગયો હોય એવું બને.

## મારી લોહીની તપાસ સકારાત્મક આવે તો શું થશે?

જો તમારી લોહીની તપાસમાં દેખાય કે તમને છૂપો ટીબી છે, તો તમારા ડોક્ટર અથવા નર્સ તમને એન્ટિબાયોટિકની સારવાર આપશે. આ સારવાર ત્રણ અથવા છ મહિના ચાલશે. તમારી દેખભાળ વિશે અને આ સારવાર પૂરી કરવાનું શા માટે અગત્યનું છે તે તમારા ડોક્ટર તમને સમજાવશે. બીજી બધી દવાઓની જેમ, આમાં પણ આડઅસરોનું થોડું જોખમ રહેલું છે, જે સંભાળવા માટે તમારા ડોક્ટર અથવા નર્સ તમારી મદદ કરી શકે છે.

## મારે હવે શું કરવું જોઈએ?

છૂપા ટીપીની તપાસ કરાવવા માટે તમે તમારા જીપીને મળો છો તેની કૃપા કરીને ખાતરી કરો. જો તમને કોઈ પણ પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા જીપીની સર્જરીમાં પૂછો.



## મારાં પરિણામો બીજાં સાથે વહેંચવામાં આવશે?

તમારી તપાસમાંથી મળેલી માહિતી અમને જણાવે છે કે છૂપા ટીબીનું જોખમ હોય તે લોકો સુધી અમે કેટલી સારી રીતે પહોંચી રહ્યાં છીએ. આનાથી તમારા સમાજનું રક્ષણ કરવામાં મદદ થશે. તમારી વિગતો પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ (Public Health England (PHE)) દ્વારા ચલાવવામાં આવી રહેલ રાષ્ટ્રિય સ્તરના લેટન્ટ (છૂપા) ટીબી પ્રોગ્રામ (latent TB programme) સાથે વહેંચવામાં આવશે અને તે માહિતીનો ઉપયોગ આમાં મદદ માટે કરવામાં આવે છે:

1. તમારી પાર્શ્વભૂમિકા અને છૂપા ટીબીના જોખમ વચ્ચેની કોઈ કડીઓ સમજવામાં;
2. તમારી નોંધો રાષ્ટ્રિય સ્તરના સક્રિય ટીબીની જાણકારીના ડેટાબેઝ સાથે મેળવીને, છૂપા ટીબીની તપાસ અને સારવારથી સક્રિય ટીબી અટકાવી શકાય છે તે બતાવવામાં;
3. તમારી તપાસના પરિણામને તમને આપવી જરૂરી હોય તેવી કોઈ સારવારનાં પરિણામો સાથે મેળવવામાં;
4. છૂપા ટીબી માટે તમારી એક જ વાર તપાસ કરવી પડે તેની ખાતરી કરવામાં.

જો તમે તમારી અંગત માહિતીની વહેંચણી કરવાની મંજૂરી આપવા ન માગતાં હો, તો તમે આમાંથી બહાર નીકળી શકો છો અને તે પછી, ઓળખી ન શકાય તેવી પાર્શ્વભૂમિકાની તેમજ તબીબી પરિણામોની સંલગ્ન માહિતીની જ આપલે કરવામાં આવશે. વધુ વિગતો અહીંથી મેળવી શકાય છે www.england.nhs.uk/ourwork/tsd/ig/ig-fair-process/. જો તમે ઈચ્છતાં હો કે કોઈ પણ માહિતીની જરા પણ વહેંચણી કરવામાં ન આવે, અથવા તમને વધુ વિગતો જોઈતી હોય અને તમારી પાસે ઈન્ટરનેટની સુવિધા ન હોય, તો કૃપા કરીને આ સરનામે લખો:

Head of Public Accountability,
Public Health England,
Wellington House,
133-155 Waterloo Road,
London
SE1 8UG